ગોપનીય સંદેશ

રૂમી ની એક કવિતા પર આધારિત

મીના જવાહરબીન, ચિત્ર : બ્રૂસ વ્હોટલી



એકલો, સોના ના પાંજરા માં કેદ, અને ઘર ના
જંગલો થી દૂર, એક પોપટ આઝાદી માટે તરસે છે.
શું એ ક્યારેય મુક્ત થઈ શકશે?

રૂમી ની એક પ્રાચીન ફારસી કવિતા પર
આધારિત, "ગોપનીય સંદેશ" આશ્ચર્યજનક
ચતુરાઈ, શક્તિશાળી એકતા, વિદેશી યાત્રાઓ
અને એક સાધારણ ઈચ્છા પૂરી થવાની વાર્તા છે.

ગોપનીય સંદેશ

રૂમી ની એક કવિતા પર આધારિત

મીના જવાહરબીન, ચિત્ર : બ્રૂસ વ્હોટલી






ઘણા વર્ષો પહેલા, એક શ્રીમંત ફારસી વેપારીએ બજાર માં એની દુકાન માં એક ભારતીય પોપટ ને પાળ્યો હતો. એ પક્ષી, જે ક્યારેક ભારતીય જંગલો માં સ્વતંત્ર રૂપ થી ઉડતું હતું, એ હવે એક નાના પાંજરા માં કેદ હતું.

રંગબેરંગી ટાઇલ્સે દુકાન ના ગુમ્બજવાળા છત ને ઢાંકી હતી, પણ પોપટ ને જંગલ ની સુંદરતા અને સ્વતંત્રતા જ યાદ આવતા હતા. આખો દિવસ પોપટ જંગલ ની યાદો ના ગીત ગાતો હતો. પણ વેપારી એને પાંજરું છોડવા નહોતો દેતો, કારણકે પોપટ બહુ સરસ ગાતો હતો અને સારી વાતો કરતો હતો, અને પોપટ ની ચમકીલી પાંખો ગ્રાહકો ને દુકાન તરફ આકર્ષિત કરતા હતા. વેપારી ના અમીર અને પ્રસિદ્ધ બનવામાં પોપટ નો મોટો ફાળો હતો.

એક દિવસ શ્રીમંત વેપારીઓ નો એક સમૂહ દુકાન પાસેથી નીકળ્યો. એમના ઝગમગતા ડગલા એ પોપટ ને જંગલ માં તારાઓ ની યાદ અપાવી, અને એણે એમને બોલાવ્યા. પક્ષી થી મુગ્ધ થઈને વેપારી દુકાન માં દાખલ થયા. અંદર જઈને એમણે વેપારી પાસેથી બહુ બધો સામાન ખરીધો. બદલા માં વેપારી એ પોપટ ને પુરસ્કૃત કરવા એક મોટું, સોનાનું પાંજરું ખરીધુ.





એ રાતે વેપારી એ એના ઘરવાળા ને કહ્યું, "હું મારી દુકાન માટે વધારે સામાન ખરીદવા ભારત જઇ રહ્યો છું."

ઘર નો દરેક સદસ્ય ભારત થી કંઇ-ને-કંઇ ઇચ્છતો હતો. રસોઇયાએ ખુશ્બુદાર મસાલા માંગ્યા; પુત્રીઓએ ચમકદાર રેશમી વસ્ત્રો માંગ્યા; અને એની પત્ની એ શાનદાર ઘરેણાં ની વિનંતી કરી. વેપારી એ બધા માટે ભેટ લાવવાનો વાયદો કર્યો.



એની યાત્રા પર જતા પૂર્વે, વેપારીએ પોપટ ને પણ પૂછ્યું કે એને એના વતન ભારત થી શું જોઈયે?

"કોઈ વિદેશી ફૂલ અથવા ચાંદી નો પ્યાલો, કદાચ?"

"મને કોઈ ઉપહાર નથી જોઈતો," પોપટે નિસાસો નાખતા કહ્યું. "પણ જયારે તમે જંગલ માં થી પસાર થાઓ અને મારા જેવા અન્ય પોપટ ને ઉડતા જુઓ તો એમને જણાવજો કે હું બહુ દૂર રહુ છું. એમને જણાવજો કે મને એમની સાથે ઉડવાની બહુ યાદ આવે છે. મને એમના મીઠા અવાજો યાદ આવે છે, મને ત્યાં ના વૃક્ષો ની સુગંધ યાદ આવે છે."


વેપારી એ વચમાં ટોક્યું અને કહ્યું, "પણ પોપટ, તને અહીં શું પરેશાની છે, તું ત્રણ ઝૂલા ના આ આલીશાન સોનેરી પાંજરા માં રહે છે."

"તમે સાચું કહી રહ્યા છો," પોપટે કહ્યું.

"એમને આ પાંજરા વિષે પણ જણાવજો."


"ઠીક છે," વેપારી એ કહ્યું.





સિલ્ક રોડ પર, વેપારી નો કાફલો સૂકી રેતી ના ટેકરા પર થી રગશિયા ચાલે ચાલ્યો, ઊંડી લીલી ઘાટિઓ માં થી પસાર થયો, અને એણે ખતરનાક સાંકડા પહાડી રસ્તા પાર કર્યા. એમની લાંબી યાત્રા પછી યાત્રીઓ એ સિંધુ નદી પણ પાર કરી.

ગિલગિટ શહેર માં, એમણે મંદિર ની નૃત્યાંગનાઓ, વાંદરા, હાથી અને ગાયો ને નદી ઉત્સવ નો આનંદ લેતા જોયા. જયારે એમણે શાંત મુદ્રા માં બેસેલા યોગીઓ ને જોયા, તો એમણે જાણ્યું કે તેઓ ભારત આવી ગયા છે.



પહેલા વેપારી એ દુકાન માટે
એની ખરીદી કરી. પછી
એણે એની પત્ની માટે
શાનદાર ઘરેણાં શોધ્યા અને
રસોઈયા માટે સુગંધિત
મસાલા ખરીદવા એના
માણસો ને બજાર માં દૂર
મોકલ્યા. રેશમ બજાર માં,
વેપારી નિર્ણય ન કરી શક્યો
- કારણકે ત્યાં બહુરંગી કપડાં
નો ઢગલો હતો. અંત માં,
વેપારી એ નાના લાલ
ફૂલોવાળા ગુલાબી રંગ ના
કપડાં એની પુત્રીઓ માટે
પસંદ કર્યા.



ઈરાન પાછા ફરતા, વેપારી નો કાફલો ગીચ અને ગરમ જંગલમાં થઈને નીકળ્યો. ત્યાં એણે એના પોપટ જેવા અવાજો સાંભળ્યા. એણે એના જેવા સુંદર પોપટ જોયા, જે વૃક્ષો વચ્ચે સ્વતંત્ર ઉડી રહ્યા હતા.

"કાફલો રોકો," વેપારી એ આદેશ આપ્યો. પછી એ નીચે ઉતર્યો અને એણે બધા પોપટ ને એની પાસે ભેગા થવા કહ્યું.

"મારી પાસે તમારા મિત્ર નો એક સંદેશ છે," એણે કહ્યું. બધા પોપટે વડ ના ઝાડ ની વાંકી ડાળ પર બેસીને વેપારી ની વાત સાંભળી.

"ભારત થી બહુ દૂર મારી
પાસે પણ એક પોપટ છે જે
તમારા જેવોજ દેખાય છે.
એણે તમારા માટે એક
સંદેશો મોકલ્યો છે : એને
જંગલ માં ઉડવું, તમારી
મીઠી વાણી સાંભળવી
અને વૃક્ષો ની ભીની સુગંધ
યાદ છે. એ એક સુંદર
પાંજરા માં રહે છે જે મેં એને
માટે ખરીદ્યું હતું. પાંજરા
માં ત્રણ સોનેરી ઝૂલા છે."






પક્ષીઓએ એની વાત ધ્યાન થી સાંભળી. અચાનક, એ એક-એક કરતા શાખા થી નીચે પડી ગયા. હવે એમની પીઠ જમીન પર હતી અને એના પગ હવા માં હતા. એમના શરીર વડ ની છાયા માં પડયા હતા.

અચંભિત વેપારી ને એની આંખો પર વિશ્વાસ ન થયો. બધા પોપટ જમીન પર અક્કડ પડયા રહ્યા. થોડી વાર પછી, વેપારી એ એના કાફલા ને આગળ વધવા નો આદેશ આપ્યો.

જયારે એ ઈરાન પાછો ફર્યો, ત્યારે વેપારી ના પરિવાર અને મિત્રો એ એના લાવેલા ભારતીય મસાલા નો ઉપયોગ કરીને સ્વાદિષ્ટ ભોજન સાથે એના આગમન નો જલસો મનાવ્યો. નૃત્યાંગનાઓ આંગણા માં તમ્બુરા અને વીણા ના સંગાથે નાચી અને વેપારી એ એની યાત્રા ના લાંબા કિસ્સા સંભળાવ્યા. પણ એણે જંગલ ના પોપટ નો કિસ્સો કોઈ ને ન કહ્યો.





વેપારી એની દુકાન માં નવો માલ ગોઠવવામાં વ્યસ્ત થઇ ગયો. એ પોપટ ની અવગણના કરતો રહ્યો.

એક શાંત બપોરે પોપટે પૂછ્યું, "વેપારી, શું તમે ભારત માં મારો સંદેશો પહોંચાડયો?"

"પોપટ, જંગલ માં જે કંઇ થયું હું એ વિષે કંઇ વાત કરવા માંગતો નથી."

પોપટે કહ્યું, "વર્ષો થી મેં તમારે માટે એક પાંજરા માં રહીને ગાયું છે. મેં તમારી પાસે ઘરેણાં કે મસાલા નથી માંગ્યા. મેં તમને ફક્ત એક સંદેશો પહોચાડવાં કહ્યું હતું. શું તમે મારે માટે એટલું પણ નહોતા કરી શકતા?"



"ઠીક છે, જો તું જીદ કરે છે, તો હું તને બતાવું છું. મેં સાચેજ તારો સંદેશો પક્ષીઓ સુધી પહોંચાડયો. એમણે એને સાંભળ્યો, અને પછી, અચાનક, એ બધા પોપટ વૃક્ષ ની ડાળ પર થી પડી ગયા, અને પછી એમાં થી એક પણ શ્વાસ લેતો નહોતો."

પોપટે વેપારી ની વાત સાંભળી. પછી, જેવી વેપારી એ વાત બંધ કરી, પોપટ એના પગ આકાશ તરફ કરી ને એના સોનેરી ઝૂલા પરથી પડી ગયો. પછી પોપટ નો એક પણ શ્વાસ ન નીકળ્યો.

વેપારી પાંજરા તરફ દોડયો. "મેં આ શું કર્યું?" એ રડયો. "શું હું તારા મૃત્યુ નું કારણ બન્યો?"

પોપટ પાંજરા ના તળિયે એકદમ સ્થિર પડયો રહ્યો. વેપારી ને લાગ્યું કે પોપટ મરી ગયો છે અને હવે એ ક્યારેય કોઈ અન્ય ગ્રાહક ને એની દુકાન પર નહીં લાવી શકે. એણે પોપટ ને પાંજરા માં થી બહાર કાઢ્યો અને એના શરીર ને ટેબલ પર રાખી દીધું.



એક પળ પછી પોપટે એની પાંખો ફફડાવી અને એ દુકાન ની છત પર બેસી ગયો.

"તું જીવતો છે!" વેપારી એ આશ્ચર્ય થી કહ્યું.

"પહેલા થી ઘણો વધારે જીવિત, મારા મિત્ર, ભારત માં મારા મિત્રો સુધી સંદેશ પહોંચાડવા માટે ધન્યવાદ!"

પછી પોપટ ગુંબજવાળી છત ના કાણા માં થી એના મિત્રો સાથે સ્વતંત્ર રૂપે ઉડવા માટે, ભારત ભણી ઉડી ચાલ્યો.





લેખક ની નોંધ

હું જયારે નાની હતી, અને ઈરાન માં હતી, ત્યારે રોજ સાંજે મારા પિતા ને પોપટ અને વેપારી ની વાર્તા કહેવા વિનંતી કરતી હતી. એ એક વાર્તા હતી જે તેઓ મને યાદ કરીને કહેતા હતા. મને આજે પણ એ સરસ વાર્તા યાદ છે.

વર્ષો પછી, જયારે મેં ફારસી સાહિત્ય નું અધ્યયન કર્યું, ત્યારે મને ખબર પડી કે મારી મનપસંદ વાર્તા વાસ્તવ માં એક પ્રાચીન કવિતા હતી. એને કવિ રૂમી એ લખી હતી જે એક પ્રસિદ્ધ સાહિત્યકાર હતા, અને 13 મી સદી માં ઈરાન માં રહેતા હતા.